દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૧૦ જુલાઈ, ૨૦૨૬

ઈન્ડો-પેસેફિક ક્ષેત્રમાં ચીને ફરીથી ભયનો માહોલ ઉભો કર્યો

પોતાની વધતી જતી લશ્કરી ક્ષમતાઓના પ્રદર્શનમાં, ચીનના નૌકાદળે હાલમાં તેની પરમાણુ સંચાલિત સબમરીનમાંથી એકમાંથી દક્ષિણ પેસિફિકમાં લાંબા અંતરની, પરમાણુ-સક્ષમ બેલિસ્ટિક મિસાઇલનું પરીક્ષણ કર્યું. સરકારી સમાચાર એજન્સી શિન્હુઆ અનુસાર, પીપલ્સ લિબરેશન આર્મી (PLA) નૌકાદળની એક સબમરીને સોમવારે પેસિફિકમાં આંતરરાષ્ટ્રીય પાણી તરફ ડમી વોરહેડ વહન કરતી મિસાઇલનું પરીક્ષણ કર્યું. 1980 અને 2024 માં આવી જ ઘોષણાઓ પછી, આ પ્રક્ષેપણ ફક્ત ત્રીજી વખત છે જ્યારે ચીને જાહેરમાં આવા પરીક્ષણનો સ્વીકાર કર્યો છે, અને સમગ્ર ઈન્ડો-પેસિફિકમાં ચિંતાઓ ઉભી કરી છે. દક્ષિણ પેસિફિકમાં ચીન દ્વારા સબમરીન દ્વારા લોન્ચ કરાયેલ બેલિસ્ટિક મિસાઇલ પરીક્ષણથી ઇન્ડો-પેસિફિક ક્ષેત્રમાં વ્યાપક ભયની ઘંટડી વાગી છે. જ્યારે દેશો સમયાંતરે મિસાઇલોનું પરીક્ષણ કરે છે, ત્યારે બેઇજિંગના પરીક્ષણથી આ ક્ષેત્રમાં ભયની ઘંટડી કેમ વાગી છે તે વિચારવા જેવું છે.

ચીન ઓછામાં ઓછી છ પરમાણુ સંચાલિત બેલિસ્ટિક મિસાઇલ સબમરીન ચલાવે છે જે લાંબા અંતરની, પરમાણુ-સક્ષમ મિસાઇલો છોડવા સક્ષમ છે, જેમાં ટાઇપ 094A જિન-ક્લાસ સબમરીનનો સમાવેશ થાય છે. "આ પરીક્ષણ પ્રક્ષેપણ આંતરરાષ્ટ્રીય કાયદા અને આંતરરાષ્ટ્રીય પ્રથાનું પાલન કરે છે, અને તે કોઈ ચોક્કસ દેશ અથવા લક્ષ્ય પર નિર્દેશિત નથી," એમ સિન્હુઆએ પીએલએને ટાંકીને જણાવ્યું. તેણે ઉમેર્યું કે નૌકાદળે "સંબંધિત દેશો"ને લોન્ચ પહેલા સૂચના આપી હતી. સિન્હુઆ અનુસાર, ડમી વોરહેડ "ચોક્કસ રીતે નિર્ધારિત પાણીમાં ઉતર્યું હતું," જે દર્શાવે છે કે તે તે વિસ્તાર પર હુમલો કરે છે જે સૂચિત પક્ષોને અગાઉથી જણાવવામાં આવ્યો હતો. સમાચાર એજન્સી રોઇટર્સે અહેવાલ આપ્યો છે કે ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે સોમવારે જણાવ્યું હતું કે લોન્ચ "સુરક્ષિત રીતે, પ્રમાણિત અને વ્યાવસાયિક રીતે સમગ્ર વિસ્તારમાં" કરવામાં આવ્યું હતું, અને ઉમેર્યું હતું કે, "અમને આશા છે કે સંબંધિત દેશો આ બાબતનું વધુ પડતું અર્થઘટન કરશે નહીં."

જોકે, મિસાઈલ પરીક્ષણથી ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ગભરાટ ફેલાયો હતો. તેના ઘણા કારણો છે. કેટલાક દેશોએ પરીક્ષણ હાથ ધરતા પહેલા બેઇજિંગ તરફથી ટૂંકી સૂચના જ મળી હોવાની ફરિયાદ કરી હતી. બીજું કારણ ચીનની છબી અને તેના પડોશીઓ સાથેના તેના પ્રાદેશિક વિવાદો છે. જ્યારે મિસાઇલ પરીક્ષણો અસામાન્ય નથી, તો પણ બેઇજિંગ દ્વારા કરાયેલા મિસાઇલ પરિક્ષણ આ કારણે ચિંતા જન્માવે છે. જ્યારે ચીને ચોક્કસ કઈ મિસાઇલનું પરીક્ષણ કર્યું તે જાહેર કર્યું નથી, સરકાર નિયંત્રિત ટેબ્લોઇડ ગ્લોબલ ટાઇમ્સે એક લશ્કરી નિષ્ણાતને ટાંકીને જણાવ્યું હતું કે તે ચીનની સૌથી અદ્યતન સબમરીન-લોન્ચ મિસાઇલ JL-3 હોવાની શક્યતા છે, જે ગયા વર્ષે લશ્કરી પરેડમાં રજૂ થઈ હતી. આ દરમિયાન, તાઇવાનની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના સેક્રેટરી-જનરલ જોસેફ વુએ X પર એક નિવેદનમાં દાવો કર્યો હતો કે બેઇજિંગે JL-2 સબમરીન-લોન્ચ બેલિસ્ટિક મિસાઇલ લોન્ચ કરી હતી. "પીઆરસીએ થોડીવાર પહેલા ફિલિપાઇન્સ ઉપર ઉડતી JL2 SLBM નું પરીક્ષણ કર્યું હતું. તે એક ઉશ્કેરણી છે જે ઇન્ડો-પેસિફિકને અસ્થિર કરે છે. ચીનાઓએ ફરીથી પોતાને ગુંડા સાબિત કર્યા," એમ વુએ X પર લખ્યું. એક અહેવાલ મુજબ, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ અને જાપાનની સરકારોએ દાવો કર્યો હતો કે તેમને ચીન દ્વારા માત્ર કલાકો પહેલા જ જાણ કરવામાં આવી હતી અને નોંધ્યું હતું કે મિસાઇલ દક્ષિણ પેસિફિક ન્યુક્લિયર ફ્રી ઝોનમાં છોડવામાં આવી હતી. આ ઝોન 1986 ની રારોટોંગા સંધિ દ્વારા સ્થાપિત કરવામાં આવ્યો હતો, જે સમગ્ર પ્રદેશમાં પરમાણુ શસ્ત્રો પર પ્રતિબંધ મૂકે છે. ચીને 1987 માં પ્રોટોકોલને મંજૂરી આપી હતી, ઝોનની અંદર પરમાણુ શસ્ત્રોનું પરીક્ષણ ન કરવાની અથવા પ્રદેશના કોઈપણ દેશ સામે તેનો ઉપયોગ કરવાની ધમકી નહીં આપવાની પ્રતિજ્ઞા લીધી હતી. ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વોંગે પત્રકારોને જણાવ્યું કે, "ઓસ્ટ્રેલિયા ચીન સામે સ્પષ્ટ છે કે અમે આને આ ક્ષેત્ર માટે અસ્થિર કરનાર માનીએ છીએ." જાપાને પણ ચિંતા વ્યક્ત કરી, બેઇજિંગને તેના મિસાઇલ પરીક્ષણ પર "ફરીથી વિચાર" કરવા વિનંતી કરી. "ચીનની લશ્કરી પ્રવૃત્તિઓ, તેની પારદર્શિતાના અભાવ સાથે, જાપાન અને આંતરરાષ્ટ્રીય સમાજ માટે ગંભીર ચિંતાનો વિષય બની ગઈ છે," એમ એપી દ્વારા મુખ્ય કેબિનેટ સચિવ મિનોરુ કિહારાને ટાંકીને જણાવાયું છે.

દાયકાઓથી, ચીને તેના પ્રાદેશિક વિવાદો અને બેલ્ટ એન્ડ રોડ ઇનિશિયેટિવ (BRI) જેવા કાર્યક્રમોને કારણે એક વિસ્તરણવાદીની છબી બનાવી છે. બેઇજિંગ તેના લગભગ તમામ પડોશીઓ સાથે દરિયાઈ અને જમીન સરહદ સંઘર્ષોમાં રોકાયેલું છે. વર્ષોથી, બેઇજિંગે તેની વિવાદાસ્પદ "નાઇન-ડેશ લાઇન" દ્વારા લગભગ સમગ્ર દક્ષિણ ચીન સમુદ્ર પર વિસ્તૃત સાર્વભૌમત્વનો દાવો કર્યો છે, જે સીધી રીતે વિયેતનામ, ફિલિપાઇન્સ, મલેશિયા અને બ્રુનેઈના વિશિષ્ટ આર્થિક ક્ષેત્રો સાથે ઓવરલેપ થાય છે. જમીન પર, ચીની વિસ્તરણવાદના ઉદાહરણોમાંનું એક તિબેટ છે. ચીન ભારત સાથે જમીન સરહદો ધરાવતું ન હતું, પરંતુ 1951માં તિબેટને પોતાનામાં ભેળવી લીધા પછી પરિસ્થિતિ બદલાઈ ગઈ. ત્યારથી, ભારત અને ચીનમાં અનેક સરહદી સંઘર્ષો જોવા મળ્યા છે. ચીનની આવી પ્રકૃતિ જોતાં તેના આ મિસાઇલ પરીક્ષણથી ઇન્ડો પેસેફિક ક્ષેત્રમાં ચિંતા ફેલાય તે સ્વાભાવિક છે.

ખાલી કેનવાસ

એક ચિત્રકાર હતા. બહુ જ સુંદર ચિત્રો તેઓ દોરતા અને તેમનાં ચિત્રો ખૂબ જ જલ્દી વેચાઈ જતાં હતાં અને તેમની ખ્યાતિ દિવસે દિવસે વધતી જતી હતી. આ ચિત્રકારની ચિત્ર દોરવાની રીત અનોખી હતી. તેઓ પોતાની કાર્યશાળામાં ચિત્ર દોરવા પહેલાં ખાલી કેનવાસને સ્ટેન્ડ પર ગોઠવી દેતા અને કલાકો સુધી તેને જોયા કરતા. ખાલી કેનવાસ સાથે જાણે કોઈ સંબંધ બાંધતા હોય કે વાતો કરતા હોય તેમ કેનવાસ સામે જોતા રહેતા અને પછી જે કંઈ પ્રેરણા મળે તે પ્રમાણે ચિત્ર શરૂ કરતા. કોઈ પૂછતું કે આમ ખાલી કેનવાસને જોતાં રહેવાનું કારણ શું? તો તેઓ હસતા અને જણાવતા, 'કેનવાસ મારી સાથે વાત કરે છે અને મને પ્રેરણા આપે છે કે તે શું બનવા માંગે છે અને તે જાણ્યા બાદ હું ચિત્ર દોરવાની શરૂઆત કરું છું.' ઘણાને આ રીત અને જવાબ વિચિત્ર લાગતો કે કેનવાસ શું વાતો કરે? એક વખત લગભગ ત્રણ દિવસ થયા ચિત્રકાર ખાલી કેનવાસને જ જોઈ રહ્યા હતા.ત્રણ દિવસથી તેમને પીંછી હાથમાં પકડી ન હતી. ચિત્રકારનાં ચિત્રોનું વેચાણ

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

સંભાળતા મેનેજરે કહ્યું, 'સાહેબ, તમે હજુ સુધી કેમ કંઈ દોર્યું નથી?' ચિત્રકારે કહ્યું, 'હું હજુ કેનવાસને સાંભળી રહ્યો છું. તે શું બનવા માંગે છે તે હજુ સ્પષ્ટ થતું નથી. મને સમજ પડશે પછી જ ચિત્ર દોરવાની શરૂઆત કરીશ.' આ વાત વાંચીને અને સાંભળીને વિચિત્ર લાગે, કોઈ કલ્પનાશીલ કલાકારની વિચિત્ર રીતભાત લાગે પણ આ રીત વિચિત્ર નથી પણ આપણે બધાએ જીવનમાં અપનાવવા જેવી છે. જીવનમાં રોજ સવારે કંઈ પણ કામ શરૂ કરતાં પહેલાં મનને પૂછો, કંઈ પણ બોલતાં પહેલાં મન અને મગજને પૂછો, કંઈ લખતાં પહેલાં ખાલી કાગળને પૂછો, શું કરવું છે અને શું બનવું છે તે અરીસામાં જોઇને ખુદને પૂછો, જરા શાંત મને કંઈ પણ કરવા પહેલાં ઊંડો વિચાર કરો અને સમજી વિચારીને મનના ઝીણા અવાજને સાંભળીને અનુસરો. ચિત્રકાર જેમ કેનવાસ પાસેથી જાણવા માંગે છે કે તે શું બનવા માંગે છે તેમ તમે પણ તન અને મનની વાતોને જાણીને જીવનના કેનવાસમાં રંગો પૂરો તો જીવન ચિત્ર સુંદર બનશે જે તમને અને બધાને ગમશે. જીવનમાં દરેક પગલે જાગ્રત રહીને શાંત મને ઊંડો વિચાર કરીને જ આગળ પગલું લેવું જરૂરી છે.

સંસ્થાકીય વિશ્વસનીયતા અને સી.જે.પી. આંદોલનનું મહત્ત્વ

કહેવાની વાત

નેહા શાહ

સોશયલ મીડિયામાં પણ આંદોલનને વ્યાપક સમર્થન મળ્યું છે. હવે, દિલ્હી હાઈકોર્ટના આદેશ બાદ સી.જે.પી. નું X એકાઉન્ટ ફરી શરૂ થયું છે, જેના કારણે આંદોલન ફરી સીધું પોતાના સમર્થકો સુધી પહોંચી શક્યું છે

છેલ્લા અઢાર દિવસથી કોકરોચ જનતા પાર્ટીના (CJP) સભ્યો અને સમર્થકો દિલ્હીના જંતરમંતર ખાતે શાંતિપૂર્ણ ધરણાં કરી રહ્યાં છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં વારંવાર થતા પેપર લીક અને ભરતી પ્રક્રિયામાં પારદર્શિતાની માંગ સાથે શરૂ થયેલું આ આંદોલન હવે માત્ર વિદ્યાર્થીઓનો પ્રશ્ન રહ્યું નથી. છેલ્લા દસ દિવસથી સોનમ વાંગચુક પણ એમની સાથે અનિશ્ચિત મુદતના ઉપવાસ પર છે, જેના કારણે આ આંદોલનને નવી નૈતિક શક્તિ મળી છે. હજારો વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને સામાન્ય નાગરિકો જંતરમંતર પહોંચી પોતાનો ટેકો વ્યક્ત કરી રહ્યા છે. સોશ્યલ મીડિયામાં પણ આંદોલનને વ્યાપક સમર્થન મળ્યું છે. હવે, દિલ્હી હાઈકોર્ટના આદેશ બાદ સી.જે.પી. નું X એકાઉન્ટ ફરી શરૂ થયું છે, જેના કારણે આંદોલન ફરી સીધું પોતાના સમર્થકો સુધી પહોંચી શક્યું છે. આમ તો આ માત્ર ભ્રષ્ટાચાર સામેનું એક વધુ આંદોલન જ છે. ભલે એના પ્રણેતાઓ ઉંમરમાં નાના હોય, સમજણમાં કાચા હોય અને અનુભવે બાલિશ હોય પણ આ આંદોલનનું મહત્ત્વ છે કારણકે, તેમણે માંડેલી લડાઈ ભ્રષ્ટાચાર કરતાં પણ વધુ આપણી સંસ્થાઓની વિશ્વસનીયતાની બની ગઈ છે.

ભારતમાં શિક્ષણ દરેક પરિવારનું સૌથી મોટું રોકાણ છે. વિદ્યાર્થીઓ વર્ષો સુધી મહેનત કરે છે. પરિવારો લાખો રૂપિયા કોચિંગ, હોસ્ટેલ, પુસ્તકો અને મુસાફરી પાછળ ખર્ચે છે. પૈસા ઉપરાંત જીવનનાં સૌથી કિંમતી વર્ષોનું રોકાણ થાય છે. કોઈ પણ વ્યક્તિ નાણાં કે સમયનું રોકાણ ત્યારે જ કરે જ્યારે એને વિશ્વાસ હોય કે મહેનતનું યોગ્ય મૂલ્ય મળશે. જેમ હર્ષદ મહેતા, કેતન પારેખ કે રામલીન્ગા રાજુ શેર બજારમાં કરેલા રોકાણની ધૂળધાણી કરી શકે છે એમ જ વારંવાર લીક થતાં પેપર, પરીક્ષાઓનું રદ થવું તેમજ વર્ષો સુધી અટકી રહેતી સરકારી નોકરીની ભરતીની પ્રક્રિયા વિદ્યાર્થીઓએ કરેલા સમય અને મૂડીરોકાણને ધોઈ નાખે છે, જેનો બોજો આર્થિક તેમજ માનસિક બંને પ્રકારનો હોય છે. વ્યક્તિગત નુકસાનની સાથે વિશ્વાસનું ધોવાણ એ સમાજ માટે મોટું નુકસાન છે. અર્થવ્યવસ્થાની પ્રગતિ માત્ર કારખાનાં કે રસ્તાઓ પર જ નિર્ભર નથી, પણ સંસ્થાઓની વિશ્વસનીયતા પણ એટલી જ મહત્ત્વની છે. જ્યારે વિદ્યાર્થી વિચારવા લાગે કે આગામી પરીક્ષા પણ કદાચ રદ થશે, મહેનતનું ખરેખર મૂલ્ય મળશે કે નહીં, ભરતી ક્યારેય થશે કે નહીં, ત્યારે સમગ્ર વ્યવસ્થાની વિશ્વસનીયતા તૂટવા લાગે છે. યુવાનો મહેનતનું મૂલ્ય ગુમાવતા જાય, વાલીઓનો વિશ્વાસ તૂટે અને સમાજમાં એવી માન્યતા ઘર કરી જાય છે કે સફળતા માટે પ્રતિભા કરતાં પ્રભાવ વધુ જરૂરી છે તો યુવાનોનો ઉત્સાહ ઘટે છે, પ્રતિભા દેશ છોડવા લાગે છે અને સમગ્ર અર્થવ્યવસ્થામાં ઉત્પાદકતા તથા વિશ્વાસ બંનેનો ઘટાડો થાય. આ અરાજકતા તરફનું પગલું છે જે સ્થિતિ કોઈ પણ દેશ માટે ખતરનાક છે. આવી પરિસ્થિતિ ન સર્જાય એ જોવાનું દાયિત્વ કોનું? કોની જવાબદારી? વ્યવસ્થાગત પ્રશ્નો બે-ચાર અધિકારીઓની ધરપકડ કે બદલીથી અટકતા નથી અને એટલે સર્વોચ્ચ સ્થાને બેઠેલા મંત્રીએ જવાબદારી સ્વીકારવી પડે એટલે જ સી.જે.પી.નું આંદોલન શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની માંગ કરી રહ્યું છે. દુર્ભાગ્યની વાત એ છે કે ૨૦ જૂનથી દિલ્હીના જંતરમંતર પર આંદોલન ચાલતું હોવા છતાં સરકારનો કોઈ પ્રતિસાદ આપી નથી રહી. અઠવાડિયાંઓથી વિદ્યાર્થીઓ રસ્તા પર છે. સોનમ વાંગચુક જેવા વ્યક્તિ પોતાના સ્વાસ્થ્યને જોખમમાં મૂકી ઉપવાસ કરી રહ્યા છે. એમની સાથે બીજા વિદ્યાર્થી નેતાઓ પણ ઉપવાસ કરી રહ્યા છે. હજારો લોકો આ આંદોલનને ટેકો કરી રહ્યા છે, છતાં સત્તાધીશો જાણે કંઈ બનતું જ નથી તેવી રીતે વર્તી રહ્યા છે. મોટા ભાગના મુખ્ય ધારાના મીડિયા પણ ખાસ મહત્ત્વ આપી નથી રહ્યા. હાલમાં તો સોશયલ મીડિયા જ આંદોલનનો મુખ્ય અવાજ બની ગયું છે. પરિણામે દેખાઈ એવું રહ્યું છે કે જે પ્રતિસાદ સી.જે.પી.ને શરૂઆતમાં મળ્યો, જે ગતિએ સોશ્યલ મીડિયા પર ફોલોઈંગ વધ્યું એટલી ભાગીદારી અત્યારે દેખાતી નથી. જોકે, દરેક આંદોલનમાં 'ફ્રી રાઈડર' હોય છે એટલે કે એવા લોકો જે વૈચારિક રીતે આંદોલનના હેતુ સાથે સંમત હોય પણ એવું વિચારતા હોય કે 'બીજા લોકો લડી રહ્યા છે. જો આંદોલન સફળ થશે તો તેનો લાભ માત્ર જંતર-મંતર પર બેઠેલા લોકોને જ નહીં પણ બધા વિદ્યાર્થીને મળશે એટલે મને પણ મળશે.' આજે જ્યારે મોટા ભાગના લોક આંદોલનો સરકાર ચાલવા નથી દેતી, એમાં ભાગ લેનાર સામે દેશદ્રોહના કે આતંકવાદ સુધીના ગુના નોંધીને વર્ષો સુધી કેસ ચાલવા નથી દેતી ત્યારે ડરના માર્યા પણ આંદોલનના 'ફ્રી રાઈડર'વધી જવાના.

શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું આપે કે ના આપે. આ આંદોલન લાંબુ ચાલે કે ના ચાલે... એટલી વાત તો બિરદાવવી પડે કે આજે જ્યારે વિરોધ પક્ષ તૂટી રહ્યા છે - તોડવામાં આવી રહ્યા છે ત્યારે શિક્ષણવ્યવસ્થામાં વ્યાપેલા ભ્રષ્ટાચાર અંગે અવાજ ઉઠાવવાનું કામ આ યુવાનો કરી રહ્યા છે. એમને ટેકો કરવાની જવાબદારી એ તમામ નાગરિકની છે જે એવા ભારતનું સપનું જુએ છે જ્યાં સંસ્થાકીય ભ્રષ્ટાચારને કોઈ સ્થાન નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

આટલાં વર્ષોના વિકાસ પછી પણ લોકોને કે સરકારને પાણી વ્યવસ્થાપન ના આવડ્યું તે ના જ આવડ્યું

રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

શું ધનિક કે શું ગરીબ, હારબંધ ઊભેલાં મકાનો જોઈએ તો ઓળખી જ ના શકીએ કે આ ઘર ધનિકનું હશે અને આ મધ્યમ વર્ગનું, શું ત્યાં પ્રજા નહીં ઈચ્છતી હોય પોતાને જુદા પડવાનું? ના, ઈચ્છે તો છે, પણ તે કરી નથી શકતી

૧૯૪૭ માં આઝાદ થયેલા ભારતને ૧૯૨૭માં ૮૦ વર્ષ થશે. ભારત અત્યારે જ વિશ્વની ઊંચી રાષ્ટ્રીય આવક ધરાવતા મુખ્ય દેશોમાં છે. સરકાર ફાઈવ ટ્રીલીયન ડોલર ઈકોનોમીમાં જવાના રસ્તા બનાવી રહી છે અને આ બધાની વચ્ચે દેશના વિકસિત રાજ્ય તરીકે, મોડેલ રાજ્ય તરીકે જેની ચર્ચા હતી તે ગુજરાતનાં મહાનગરોમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા નથી. એક તરફ આજે પણ રાજ્યના ઘણા વિસ્તારોમાં સામાન્ય દિવસોમાં નળમાં પાણી નથી આવતું અને વરસાદ થાય ત્યારે ઘરમાં પાણી આવે છે જે જતું નથી.

વરસોથી સાંભળવા મળે છે કે ભારતમાં "પાણીની સમસ્યા નથી પાણીના વ્યવસ્થાપનની સમસ્યા છે". આટલી બધી નદીઓનો દેશ હોય અને લોકોને વરસમાં આઠ મહિના પાણી વગર તરસવું પડે! આજની તારીખે નર્મદા જિલ્લામાં નદીથી થોડે જ દૂર રહેતાં ગરીબ આદિવાસી કુટુંબોની સ્ત્રીઓ માથે બેડાં ઊંચકી પાણી ભરવા જાય છે અને નર્મદામાં પૂર આવે ત્યારે કાદવકીચડમાં ફસાય છે.

દેશમાં સર્જાયેલા પૂરે વ્યવસ્થાપનની ખામીઓ ફરી ઉઘાડી પાડી દીધી. ફરી એ જ વાત સાબિત થઇ કે આપણે વિદેશથી નવી ટેકનોલોજી અને નવી નવી વસ્તુઓ લાવી શકીએ છીએ પણ જાહેર વ્યવસ્થા લાવી શકતા નથી.

કાયદાનું શાસન લાવી શકતા નથી. વળી કાયદાના શાસનનો અર્થ આપણે સંકુચિત કરી નાખ્યો છે. માત્ર ગુંડાઓ કાબૂમાં રાખવા,રાષ્ટ્રવિરોધી તત્ત્વો જેર કરવા એ જ કાયદાનું શાસન નથી. સોસાયટી બંધાય ત્યારે વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા થાય. આખા શહેરની વરસાદી પાણીની નિકાલ વ્યવસ્થા મુજબ જ બધા બાંધકામ થાય અને સોસાયટીઓ, બંગલાઓ, બિલ્ડરોના બંધાય કે નેતાઓના નિયમ તો બધાએ પાળવા પડે તે પણ કાયદાના શાસનનો ભાગ છે. છેલ્લાં વર્ષોમાં આપણા નેતાઓ અને અધિકારીઓ વાર તહેવારે પ્રજાના પૈસે વિદેશ, ખાસ તો વિકસિત દેશોમાં પહોંચી જાય છે. શું તેઓ નહીં જોતા હોય કે આ યુરોપના દેશો કે પશ્ચિમના વિકસિત દેશોમાં રોજ બપોરે વરસાદ પડે છે. ભારે વાવાઝોડાં આવે છે પણ પાણી ભરાતાં નથી. એક જ દિવસમાં બધું હતું એમનું એમ હોય છે, કોઈ ચમરબંધી જાહેર બાંધકામના નિયમો તોડી બાંધકામ કરી શકતો નથી. લાઈટ, વીજળી, પાણી, ગેસ અંગેના જાહેર નિયમો પળાયા બાદ જ બાંધકામ થઇ શકે છે. યુરોપ, અમેરિકા જેવા દેશોના ફોટા જોઈએ કે ફિલ્મો જોઈએ તો દેખાય છે કે જાહેર માર્ગની બન્ને બાજુએ બંધાયેલાં મકાનોની ડીઝાઈન એક જ સરખી હોય છે. બારી બારણાં એક જ સરખાં એક જ લાઈનમાં ગોઠવાયેલાં હોય છે.

શું ધનિક કે શું ગરીબ, હારબંધ ઊભેલાં મકાનો જોઈએ તો ઓળખી જ ના શકીએ કે આ ઘર ધનિકનું હશે અને આ મધ્યમ વર્ગનું, શું ત્યાં પ્રજા નહીં ઈચ્છતી હોય પોતાને જુદા પડવાનું? ના, ઈચ્છે તો છે, પણ તે કરી નથી શકતી. તમારે નગરપાલિકાના પ્લાન મુજબ જ ઘર બનાવવું પડે છે.

આમ તો સાદો નિયમ એ છે કે જે શહેરમાંથી નદી પસાર થતી હોય ત્યાં પાણી ન ભરાય. હા, નદીમાં પૂર આવે તો જ શહેરમાં પાણી આવે બાકી શહેરનાં પાણીનો નદીમાં કાયમી નિકાલ થાય. હવે ગુજરાતમાં હાલત એ છે કે અમદાવાદમાં સાદા વરસાદમાં રીવરફ્રન્ટમાં પાણી ભરાય છે જ્યાં બાજુમાં જ સાબરમતી છે. વડોદરામાં વિશ્વામિત્રી નદીના બન્ને કિનારા દબાણથી ભરી દેવાયા છે અને પાણી જવાનો માર્ગ જ નથી તો પાણી સોસાયટીમાં જ ભરાવાના. આજે ગુજરાતનાં મહાનગરોમાં શહેર બહાર મોટા બંગલા અને લક્ઝુરીયસ ફ્લેટના બાંધકામો થાય છે. જરા જાતે જઈને જુવો તો સમજાશે કે આ તો ખેતરોમાં ઘાસ ઊગી નીકળે એમ બિલ્ડીંગો ઊગી નીકળી છે. આમાં ક્યાંય વરસાદી પાણીનો નિકાલ નથી. અરે, જમીન પર પથરાતા પેવર બ્લોકે શહેરોને પથ્થરોનું જંગલ બનાવ્યું છે, જ્યાં પાણી જમીનમાં ઊતરવાનો રસ્તો પણ નથી. સોસાયટીના ખુદના પાણીનો નિકાલ જોવા નહી મળે.

એટલે નદીઓના દેશમાં જ ગરમીના દિવસોમાં પાણીની તંગી અને ખેતરોમાં પાણીના અભાવે સુકાતા પાકની ફરિયાદ અને વરસાદના બે મહિનામાં શહેરમાં ભરાતાં પાણી અને નિકાલની સમસ્યા આવ્યા જ કરે છે. એમાં અધૂરામાં પૂરું પ્લાસ્ટીકનો બેફામ ફેંકાતો કચરો. આ પ્લાસ્ટિક જાહેર ગટરને ચોકઅપ કરી દે છે અને પ્લાસ્ટિક પાણીની સામે દીવાલ બની જાય છે. આ વાત સૌ જાણે છે પણ કોઈ જાહેરમાં પ્લાસ્ટિક ફેંકવાનું બંધ કરતું નથી. સત્તાવાળા પણ આમાં કાંઈ કરતા નથી પરિણામે શહેરના પાણીનો નિકાલ એ જાણે સફાઈ કામદારોની જવાબદારી હોય એમ એ લોકો ગટર સાફ કરે. પાણી સામેની આડશો સાફ કરે ત્યારે પાણી ખસે છે.

છેલ્લે એક વાત સ્પષ્ટ છે કે પાણી જ્યાં પોલ છે ત્યાં ઘૂસે છે અને પોલ ખોલે છે. વરસાદી પાણીએ છેલ્લાં દસ વર્ષમાં ઓછામાં ઓછી દસ વખત તંત્રની પોલ ખોલી છે પણ પાણી મતદાતાઓના મગજની પોલ ખોલી શકતું નથી માટે પરિસ્થિતિ ત્યાંની ત્યાં જ છે. ગટર હોય કે મગજ જામી ગયેલો કચરો જ પાણી ભરાવાનું મૂળ કારણ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

માણસ ધારે છે કંઈ... અને કુદરત કરે છે કંઈ!

સુરતમાં માત્ર 12 કલાકમાં 13 ઈંચ વરસાદ પડતાં સમગ્ર શહેર પાણીમાં ગરકાવ થઈ ગયું. રસ્તાઓ, રહેણાંક વિસ્તારો, બજારો અને જાહેર જીવન પર તેની ગંભીર અસર જોવા મળી. સુરતના ઈતિહાસમાં વર્ષ 2004 પછી, એટલે કે લગભગ 22 વર્ષ બાદ આ પ્રકારની અતિવૃષ્ટિ નોંધાઈ છે. આ ઘટના માત્ર એક કુદરતી આપત્તિ નથી, પરંતુ માનવજાત માટે એક મહત્વપૂર્ણ સંદેશ પણ છે. આ માત્ર સુરતની જ વાત નથી. છેલ્લા કેટલાક વર્ષોમાં સમગ્ર ગુજરાત, ભારત અને વિશ્વમાં આબોહવા સંબંધિત અસામાન્ય ઘટનાઓ સતત વધી રહી છે. ક્યાંક અસહ્ય ગરમી, ક્યાંક અતિવૃષ્ટિ, ક્યાંક ભયાનક પૂર તો ક્યાંક લાંબો દુષ્કાળ–આ બધું એ તરફ ઈશારો કરે છે કે કુદરત પોતાના નિયમો અનુસાર કાર્ય કરે છે. યુરોપ અને અમેરિકા જેવા વિકસિત દેશોમાં પણ રેકોર્ડબ્રેક ગરમી અનુભવાઈ છે, જ્યારે ચીનમાં વિનાશક પૂર જેવી પરિસ્થિતિઓએ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. આ ઘટનાઓ બતાવે છે કે વિજ્ઞાન, ટેક્નોલોજી અને વિકાસમાં ગમે તેટલી પ્રગતિ થઈ હોય, છતાં કુદરતની સામે માણસ સર્વશક્તિમાન નથી. આપણે જે ધારીએ તે બધું જ થાય એવું જરૂરી નથી. ઘણી વખત કુદરત જે નક્કી કરે છે, અંતે એ જ થાય છે. તેથી કુદરત સાથે સંવાદ અને સંતુલન જાળવીને આગળ વધવું એ જ સાચી પ્રગતિનો માર્ગ છે. 'કુદરતને જીતવાનો નહીં, પરંતુ સમજવાનો અને તેની સાથે તાલમેલ સાધીને જીવવાનો પ્રયત્ન કરીએ.'

સુરત - ભુપેન્દ્રભાઈ ચાહવાલા

વિનય-વિવેક

આમ તો વિનય-વિવેક એક એવું આભૂષણ છે. જેનાથી વ્યક્તિના સંસ્કાર, ખાનદાન અને સારી વર્તુણકના દર્શન થાય છે. વિનય-વિવેક ભરી વાતોથી સામેની વ્યક્તિનું દિલ જીતી લેવાય છે. અરે, દુશ્મન પણ સરન્ડર થઈ શકે છે. વ્યક્તિ ગમે તેટલો ભણેલો-ગણેલો હોય, પરંતુ વિનય વિવેકનો અભાવ હોય તો તેનો કોઈ અર્થ નથી. ઉદાહરણ જણાવું છું, એક શહેરમાં બાજુ-બાજુમાં બે દુકાન હતી. જેમાં એક વેપારી સ્વભાવે મીઠો હતો. જે ગ્રાહકો સાથે વિનય-વિવેકથી વાતો કરે એટલે ધંધો ધમધોકાર ચાલવા લાગ્યો અને કરોડપતિ બની ગયો. જ્યારે બાજુની દુકાનવાળી વેપારી સ્વભાવે કડક, ગ્રાહકો સાથે ઉદ્ધત વર્તન કરે, આથી ગ્રાહકો દુકાને આવતા બંધ થવા લાગ્યા આખરે તેણે દુકાન વેચી દેવી પડી અને કંગાળ બની ગયો. આ છે સારા-નરસા સ્વભાવની વાત એટલે વિનય વિવેક બહુ મોટું પરીબળ છે. જિદગી આજે છે ને કાલે નથી. લોકો તમારા સારા બોલ જ યાદ કરશે કશું સાથે નથી આવવાનું.

તરસાડા - પ્રવીણસિંહ મહીડા

બાળપણ કોના ભરોસે? માતાપિતા કે શાળા?

આજે એક વિચિત્ર દૃશ્ય જોવા મળે છે. બાળકનો જન્મ થાય તે દિવસથી જ માતાપિતા તેના ભવિષ્યના સપના ગૂંથવા લાગે છે, પરંતુ તેના વર્તમાન બાળપણ માટે સમય કાઢવામાં ઘણીવાર અસમર્થ રહે છે. બાળકને શ્રેષ્ઠ શાળામાં દાખલ કરાવી દેવું, મોંઘી ફી ભરવી અને ટ્યુશનમાં મોકલી દેવું જાણે માતાપિતાની ફરજ પૂર્ણ થઈ ગઈ હોય તેવી માનસિકતા વિકસી રહી છે. બાકીનું બધું શાળા કરી લેશે એવી અપેક્ષા રાખવામાં આવે છે. પરંતુ પ્રશ્ન એ છે કે શું કોઈ શાળા માતાનો સ્નેહ, પિતાનો સંવાદ અને પરિવારના સંસ્કારોનો વિકલ્પ બની શકે? બાળક સૌથી પહેલાં ઘરમાં બોલતા, વર્તતા, પ્રેમ કરતા અને જવાબદારી શીખે છે. જો ઘરમાં સ્માર્ટ ગેઝેટ વધુ બોલતા હોય અને માતાપિતા ઓછા, તો બાળકના વ્યક્તિત્વમાં ખાલીપો ઊભો થવો સ્વાભાવિક છે. પછી બાળકમાં શિસ્ત, સંસ્કાર કે સંવેદનાનો અભાવ દેખાય ત્યારે શાળા અને શિક્ષકને દોષ આપવો કેટલી હદે યોગ્ય છે? સાચી વાત તો એ છે કે શાળા શિક્ષણ આપી શકે, પરંતુ બાળપણ નથી આપી શકતી. બાળપણ ઘરમાં જ ખીલે છે. તેથી માતાપિતાએ પોતાના બાળકને માત્ર સારી શાળા નહીં, પરંતુ પોતાનો સમય, સંવાદ અને સ્નેહ પણ આપવો પડશે. કારણ કે ફીથી શિક્ષણ ખરીદી શકાય, પરંતુ હાજરી, હૂંફ અને સંસ્કાર ક્યારેય ખરીદી શકાતા નથી. બાળકનું ભવિષ્ય શાળાના પરિણામથી નહીં, પરંતુ માતાપિતાની ભાગીદારીથી ઘડાય છે.

સુરત - પ્રા. સાગર ગાંધી

સરકાર જ ભેળસેળ કરે તો ક્યાં જવું?

ભાજપના નિતીન ગડકરી હાલ ખાસ્સા વિવાદમાં છે. એમની પાસે ખાતું છે માર્ગ અને પરિવહનનું પરંતુ તેઓ ઘણા વખતથી પેટ્રોલિયમ મંત્રી હોય એવી રીતે ઈથેનોલની બહુ પ્રબળ રીતે સિફારીસ અને વકીલાત કરી રહ્યા છે અને સ્વયં પેટ્રોલિયમ મંત્રી હરદીપસિંહ પુરી ઈથેનોલનો 'ઈ' પણ ક્યાંય ઉચ્ચારતા નથી. હવે એ બહુ જાણીતી વાત છે કે નીતિન ગડકરીના બંને દીકરાઓની સુગર ફેક્ટરીઓ ચાલે છે એટલે એમાંથી નીકળતો ઈથેનોલ પ્રજાને માથે મારીને અઢળક કમાણી કરવાનો કારસો ગોઠવાઈ રહ્યો છે. તાજા સમાચાર મુજબ હવે ડીઝલમા પણ ઈથેનોલ મિક્ષ કરવાની પેરવી ચાલે છે. 20 ટકા ઈથેનોલના ભેળસેળથી પ્રજાના વાહનોને નુકસાન થઈ રહ્યું હોય મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. કોર્ટમાં ગડકરીના વકીલે દલીલ કરતાં કહ્યું કે આ તો પ્રયોગાત્મક ધોરણે બ્લેન્ડ કર્યું છે એટલે પ્રજાના ભોગે સરકાર પ્રયોગ કરી રહી છે એમ? અત્યાર સુધી વેપારીઓ ભેળસેળ કરતા હતા, હવે તો સરકાર પણ ભેળસેળ કરવા લાગી છે, તો ફરિયાદ કોને કરવી? પ્રજા શુદ્ધ પેટ્રોલના પૈસા ચૂકવતી હોયતો ભેળસેળ વાળું પેટ્રોલ ખરીદવાની શા માટે સરકાર ફરજ પાડી રહી છે? એક તરફ ગડકરી ઈથેનોલથી કોઈ નુકસાન નથી એવું કહે છે બીજી બાજું બી.પી.સી.એલ. ના ચીફ ઈથેનોલથી ત્રીસ ટકા એવરેજ ઘટે છે એવી વાત કરે છે. ઈથેનોલના કારણે નુકસાન થતા એન્જિનની જવાબદારી લેવા ઈન્સ્યોરન્સ કંપની પણ તૈયાર નથી થતી તો પ્રજાએ કરવું શું? પ્રજાને ખાડામાં નાંખીને તમારે સંપત્તિના પર્વત ખડા કરવા માટે સત્તા સોંપી હતી?

સુરત - પ્રેમ સુમેસરા

દરેક વ્યકિતને ભારતીય હોવાનું ગર્વ હોવુ જોઈએ

દેશમાં 85ટકા વસ્તી બહુજનોની છતા જ્ઞાતિ વાદ એટલો પ્રબળ છે કે 15ટકા વસ્તી ધરાવતા લોકો 85ટકા વાળા ને તમે કેવા પુછે છે.આપણે જ્ઞાતિ વાડીના બંધનો કયારે તોડીશું. દેશ હરણફાળ પ્રગતિ કરી રહ્યો છે ત્યારે હજૂ પણ sc વર્ગના લોકો જાહેરમાં પોતાની જ્ઞાતિ જાહેર કરતા સંકોચ અનુભવે. ભારતીય બંધારણ ના આમુખ અને આર્ટિકલ વાંચતા ખબર પડે કે દેશ ગુલામીની જંજીરોમાં થી મુક્ત થયો એટલે આપણી ઓળખ ફકત ભારતીય તરીકે ની જ રહેવી જોઈએ. બંધારણમાં સ્વતંત્રતા, બંધુતા અને સમાનતાનો સિધ્ધાંત સ્વીકારાયો છે. માનવ માનવ વચ્ચે ભેદભાવ રહિત વ્યવહાર કરવો પડશે. કાયદા તવંગર અને ગરીબ બધા માટે એક સમાન છે. આપણે 2047નું ભારત કેવું હશે તેની કલ્પના કરીએ તો વિચાર કરો કે આઝાદી ના 75 વર્ષ થવા છતાં સંપૂર્ણ પણે untouchability નાબુદ નથી કરી શકાય તો 2047માં નાબુદ કરવી હશે તો અત્યારથી પંચ વર્ષીય યોજના અમલમાં લાવવી પડશે. બહારના પરિબળો ને નાથવા માટે દરેક વ્યક્તિએ સંકોચ રાખ્યા વગર ભારતીય હોવાનું ગર્વ રાખવું પડશે.

સુરત - ચન્દ્રકાન્ત રાણા